# એટીએમમાં છુપા કેમેરા-સ્કીમર ગોઠવનાર ભેજાબાજ ઝબ્બે

### આજુબાજુની દુકાનોના સીસીટીવી કુટેજનું બારીકાઈથી ઓબ્જર્વેશન કરતાં પોલીસને મહત્વની કડી મળી : ભેજાબાજ જે કારમાંથી આવ્યો હતો તેમાં 'ઓલા કેબ'નું સ્ટીકર દેખાયુ ને સાયબર ક્રાઈમનો સમગ્ર કેસ ડીટેકટ થયો : ઈન્ફોસીટી પોલીસે ભેજાબાજને ૨૪ કલાકમાં ઝડપી પાડ્યો : આરોપીના છ દિવસના રિમાન્ડ મંજુર





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ઈન્ફોસીટી નજીક એક્સીસ બેન્કના એટીએમમાં છુપો કેમેરો અને એટીએમ કાર્ડ રીડર (સ્કીમર) ગોઠવી ગ્રાહકોના તમામ ડેટા ચોરી રૂપિયા ઉપાડી લેવા માટે કાવતરૂ કોઈ ભેજાબાજે કર્યુ હતુ. કદાચ ગુજરાતમાં આ પ્રકારે ચોરી કરવાનો પ્રથમ હાઈટેક ગુનો હશે. ગાંધીનગર જિલ્લાની ઈન્ફોસીટી પોલીસે આ ગુનાનો ૨૪ કલાકમાં પર્દાફાશ કરી દીધો છે. એટીએમ આસપાસની દુકાનોના સીસીટીવી કુટેજ મેળવી તેનું બારીકાઈથી ઓબ્ઝર્વેશન કરતાં પોલીસને મહત્વનો ક્લ્યુ મળ્યો હતો. 'ઓલા કેબ'ના સ્ટીકરવાળી ગાડીમાંથી ભેજાબાજને ઉતરતા જોયો અને વિશેષ ટ્રેકીંગ પદ્ધતિથી મોડી રાત્રે ભેજાબાજને દબોચી લેવામાં આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં છ દિવસના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ હાઈટેક ગુનો રજીસ્ટર થયા બાદ ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ઈન્ફોસીટી પી.આઈ. પી.બી. ચૌહાણ તથા તેમની ટીમના રતનસિંહ સહિતના માણસો ભેજાબાજને પકડવા કામે લાગી ગયા હતા. જે એટીએમમાં હીડન કેમેરા અને સ્કીમર સેટ કરાયા હતા તેના સીસીટીવી કેમેરાનું ડીવીઆર તો બંધ હતુ. આસપાસના વેપારીઓએ લગાડેલા કેમેરાના કુટેજ મેળવી ઈન્ફોસીટી પોલીસે બારીકાઈથી ઓબ્ઝર્વેશન કર્યું...! જેમાં એક પણ કેમેરામાં ક્લીયર કડી મળતી ન હતી. દરમ્યાન અચાનક એક ક્લ્યુ મળી..! ભેજાબાજ જે ગાડીમાં આવ્યો હતો તે ગાડી ઉપર એક સ્ટીકર દેખાયું..! જેમાં 'ઓલા કેબ' લખ્યુ હતુ. જેને આધારે પોલીસે ઓલા ઓફીસનો સંપર્ક કર્યો અને તે દિવસે એટીએમ નજીકના વિસ્તારમાં કેટલી ગાડીઓ ગઈ હતી તેની યાદી મેળવી હતી. જો કે આ વિગતમાં ૧૦૦ જેટલી ગાડીઓનું લીસ્ટ મળ્યું..! ત્યાર બાદ ચોક્કસ સમય આપીને યાદી લીસ્ટ આઉટ કરતાં આઠ ગાડી લીસ્ટ આઉટ થઈ..! તે તમામ આઠ ગાડીનો રેકોર્ડ લઈ પોલીસે કુટેજમાં દેખાતી ગાડીનો રંગ મેચ કરી તે ગાડી ટ્રેસ કરી ત્યાર બાદ તેના ડ્રાઈવર સાથે સંપર્ક કરીને જરૂરી વિગતો મેળવવામાં આવી રહી હતી.

આ માહિતી મેળવવાની કામગીરી ચાલુ હતી તે જ સમયે તે ભેજાબાજે ફરી ઓલા કેબ બુકીંગ કરાવ્યાનો મેસેજ મળ્યો..! પોલીસે તાત્કાલિક તેનું બુકીંગ એકસેપ્ટ કરનાર ડ્રાઈવર સાથે વાત કરી તેનું ડ્રોપ લોકેશન જણાવવા આદેશ કર્યો..! રાત્રે તે વ્યક્તિને ગાંધીનગર પીડીપીયુ નજીક ભાઈજીપુરા પાટીયા પાસે આવેલી વેદીકા ઈ-સીરીઝ રેસીડેન્સી ખાતે ડ્રોપ કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળતા પોલીસ એક ટીમ લઈને ત્યાં પહોંચી ગઈ હતી અને વોચ પર બેસી ગઈ હતી. ૧૦ જ મિનિટમાં રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં વેદીકા ઈ સીરીઝ ખાતે બી-૪૦૩માં રહેતો અને મુળ હરીયાણા, રેવાડી વિસ્તારનો કેમેરામાં કેદ થયેલો ભેજાબાજ ૨૪ વર્ષનો યુવાન વિનિત વિજયવિર યાદવ તેનું ડૉગ લઈને બહાર ફરવા નીકળ્યો ને પોલીસે તેનું વર્ણન કેમેરામાં કેદ થયેલા વ્યક્તિ સાથે મેચ કરતાં તે જ વ્યક્તિ હોવાનું ખુલતા દબોચી લીધો હતો. તેની પુછપરછ કરતાં રૂપિયાની જરૂર હોવાથી આ ગુનો આચર્યો હોવાની કબુલાત વિનિતે કરી લીધી છે.

વિનિતે રાજસ્થાનથી બીબીએનો અભ્યાસ કર્યો હતો ત્યાર બાદ છેલ્લા પાંચ મહિનાથી વેદીકા ઈ સીરીઝ, ભાઈજીપુરા આવીને રહેતો હતો. હાલ તેની પાસે કોઈ કામ ધંધો ન હતો. તે ઉપરાંત તેના પિતા એરફોર્સમાં જુની વોરંટ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. પોલીસે આરોપીની ધરપકડ કરી આજે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે વધુ પુછપરછ માટે છ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. મળતી માહિતી મુજબ સઘન પુછપરછમાં અન્ય સાગરીતોના નામ પણ ખુલે તેવી શકયતા છે.

## છ દિવસના રિમાન્ડમાં શુ તપાસ કરાશે..?

વિનિતની પુછપરછ માટે કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. રિમાન્ડ દરમ્યાન વિનિત કયો સામાન ક્યાંથી લાવ્યો હતો ? કોના મારફતે લાવ્યો ? આ ગુના માટે ક્યાંથી તાલીમ લીધી હતી ? અન્ય કોઈ સ્થળે ડીવાઈસ ઈન્સ્ટોલ કરેલા છે ? તેની મદદ કરનાર સહ આરોપીઓ કોણ કોણ છે ? અને તેની પાસેથી દિલ્હીના એટીએમના મળેલા લીસ્ટ પર કામ કરી નાંખ્યુ છે કે કેમ ? તે સહીતની વિગતો બહાર લાવવા કડક પુછપરછ કરવામાં આવશે.

## ઈન્ટરનેટ દ્વારા કુરીયર મારફતે ડિવાઈસનો કાચો માલ લાવ્યો હતો

### ડીવાઈસ તૈયાર કરવા વપરાયેલો તમામ સામાન જપ્ત

ભેજાબાજ વિનિતે ઈન્ટરનેટમાં સાયબર ક્રાઈમ ટુલ્સ સર્ચ કરી ક્રાઈમ કરવા માટે શુ શુ મટીરીયલ્સ જોઈશે અને કેવી રીતે બનાવાશે ? તેની વિગતો એકઠી કરીને ઈન્ટરનેટ દ્વારા ઓર્ડર કરીને ડીવાઈસનો સામાન કુરીયર મારફતે જ મંગાવવામાં આવ્યો હોવાનું તપાસમાં ધ્યાને આવ્યું છે. પોલીસે તેના ઘરે તલાશી લેતા આ તમામ સામગ્રીઓ મળી આવી હતી. પોલીસે તેના ઘરેથી છ મોબાઈલ, ચાર એટીએમ કાર્ડ, બે કાર્ડ ડીવાઈસ, બે કાર્ડ રીડર, બે સ્પાઈ કેમેરા, નાની સીડી, એટીએમ ડેટા કાર્ડ, ડીઝીટલ ઓડીયો પ્લેયર, પેન ડ્રાઈવ, કટર, હેકસો બ્લેડ, સેલોટેપ, ગમ ટેપ, કાનસ, પાના પક્કડની ટુલ કીટ, સર્કીટ શોલ્ડરીંગ મશીન, પેસ્ટ, શોલ્ડરીંગ વાયર, લાઈટર, ફેવીક્વીક બોટલ, બટન કેમેરા કેપ, સ્ટેબીલાઈઝર, ઈલેક્ટ્રોનીક સર્કીટ, કેમેરા લગાડવા બનાવેલી પ્લાસ્ટીકની પટ્ટી સહીતનો કાચોમાલ કે જે ડીવાઈસ બનાવવા વપરાયો હતો. તે જપ્ત કરી લીધો છે તે ઉપરાત કેમેરામાં કેદ થયેલા કપડા પણ પોલીસે જપ્ત કર્યા છે.

## ગાંધીનગરમાં સફળ થાત તો દિલ્હીના ૧૫ એટીએમનું લીસ્ટ તૈયાર હતુ..!

આરોપી વિનિતના ઘરેથી ઈન્ફોસીટી પોલીસે ડીવાઈસ બનાવવા માટેની સાધન સામગ્રી જપ્ત કરી ત્યારે તેની સાથોસાથ એક કાગળ મળી આવ્યો હતો. જેમાં ચોંકાવનારી વિગતો હતી. વિનિતે તે કાગળમાં ૧૫ એટીએમ સેન્ટર લીસ્ટ કરીને રાખ્યા હતા. જે તમામ દિલ્હી વિસ્તારના હતા. જો ગાંધીનગર નજીકના એટીએમમાં કરેલા પ્રયત્નમાં વિનિત સફળ રહ્યો હોત તો દિલ્હીના લીસ્ટઆઉટ કરેલા તમામ ૧૫ એટીએમમાં પણ આ ડીવાઈસ ગોઠવી ડેટા ચોરી કરવા લાગ્યો હોત..!

## એટીએમનું ડીવીઆર બંધ હતુ : બેન્ક કર્મીની સંડોવણી અંગે પણ તપાસ થશે

વિનિત જ્યારે બંને ડિવાઈડર લગાડવા આવ્યો ત્યારે અને તે ઉપરાંત જ્યારે તેનું માપ લેવા આવ્યો ત્યારે પણ એક્સીસ બેંકના એટીએમના સીસીટીવી કેમેરાનો જ્યાં ડેટા સ્ટોર થાય તે ડીવીઆર મશીન બંધ હતુ. આ ડીવીઆર કોઈ બેઠક કર્મીની સંડોવણીથી જાણી જોઈને બંધ નથી કરવામાં આવ્યું ને..! તે અંગે પણ પોલીસ ઊંડી તપાસ કરશે તેમ ડીએસપી વિરેન્દ્રસિંગ યાદવે જણાવ્યું હતું. તે ઉપરાંત આ મોડ્સ ઓપરેન્ડી અંગે બેન્ક કર્મીઓને માહિતી આપી સ્ટાફને તાલીમબદ્ધ કરાશે કે એટીએમ સિક્યુરીટી તથા સ્ટાફે શુ શુ ચેક કરવુ જેથી હવે આવો કોઈ ગુનો બને નહી..!



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર-કોબા માર્ગ પર ધોમધખતા તાપમાં પ્રેક્ષાભારતી બસ સ્ટેન્ડ પાસે કાર ચાલકે કાબુ ગુમાવતા થયેલ અકસ્માતની ગંભીરતા દર્શાવે છે.

# પાટનગરમાં ગરમીનો આકરો મિજાજ યથાવત

### ઉનાળાનો આકરો મિજાજ હજુ પણ યથાવત : રસ્તાઓ પર સ્વયંભુ કરફ્યુ જેવો માહોલ : ગરમીની અસર વેપારીઓ ઉપર પણ પડી : બજારો સુમસામ બન્યા

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરમાં ઉનાળો આકરો બન્યો છે જેની સીધી અસર નગરના જનજીવન પર પડી રહી છે. આગ ઓકતી ગરમીમાં નગરજનો પોતાના ઘર કે ઓફિસમાં જ રહેવાનું મુનાસિબ માની રહ્યા છે. ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૨.૪ ડિ.સે. અને લઘુત્તમ ૨૯.૦ ડિ.સે. નોંધાવા પામી હતી.

ગાંધીનગર છેલ્લા પંદરેક દિવસથી અગનભઠ્ઠીમાં ફેરવાઈ ગયું છે. બપોરના બાર વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી શહેરના માર્ગો સુમસામ ભાસી રહ્યા છે. અને ચકલુય ફરકતુ દેખાતુ નથી. ઉનાળાની ગરમીની સીધે સીધી અસર જનજીવન પર વર્તાઈ રહી છે.

આજે શહેરમાં સૂર્યદેવ થોડા નીચા ઉતર્યા હતા. થોડાક સમય પહેલા સૂર્યદેવ કોપાયમાન થયા હોય તેમ ૪૫ ડિ.સે.થી નીચે ઉતરવાનું નામ લેતા ન હતા. ત્યારે આજે શહેરના તાપમાનમાં થોડો ઘટાડો નોંધાવા પામ્યો હતો. ગરમી મહત્તમ ૪૨.૪ ડિ.સે. અને લઘુત્તમ ૨૮.૦ ડિ.સે. નોંધાઈ છે. જ્યારે નગરમાં સવારે ભેજ ૬૬ ટકા અને સાંજે ૨૨ ટકા થવા પામ્યો છે.

સવારે ગરમી ઓછી અને બપોરે વધારે લાગી રહી હતી. અંગ દઝાડતી ગરમી નાગરિકો પોતાના ઘર કે ઓફિસોમાં પુરાઈ રહેવાનું ઠીક સમજે છે. જેના કારણે નગરમાં સ્વયુંભુ કરફયુ જેવો માહોલ જોવા મળે છે. સતત ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં ચકલા પણ ફરકતા દેખાતા નથી.

ગાંધીનગરમાં રેકોર્ડ ગરમીના કારણે બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી થઈ જવા પામી છે. વેપારીઓ ગ્રાહકોની મીટ માંડીને બેઠેલા જોવા મળે છે. ગરમીના કારણે દુકાનદારોની સ્થિતિ પણ દયનિય બની જવા પામી છે. નાગરિકો ગરમીમાં ખરીદી કરવા પાણી બહાર નિકળતા નથી.

ગાંધીનગર શહેર રાજ્યનું પાટનગર હોવાથી ૩૬૫ દિવસ ચહલપહલ જોવા મળે છે. ત્યારે ગરમીએ શહેરને સુમસાન બનાવી દીધુ છે. રોડ ઉપર મૃગજળ દેખાઈ રહ્યા છે. ન છુટકે પોતાના કામ અર્થે નીકળતા ટુ વ્હિલર ચાલકો 'લૂ' ન લાગી જાય તે માટે શરીરને કપડાથી વિંટાઈને બહાર નીકળી રહ્યા છે.

ગરમીમાં એક માત્ર આશરો હોય તેમ શેરડીના કોલા અને ઠંડા પીણાની દુકાનો ઉપર ઠંડક મેળવવા ટોળામાં જોવા મળે છે. રસ્તા પર મજુરી કરી પેટીયુ રળતા લોકો લીમડાની શિતળ છાંયમાં આરામ ફરમાવી ગરમી સામે રક્ષણ મેળવે છે. અને તવંગરો એસીમાં બેસી ઠંડક મેળવી રહ્યા છે.

# શહેરમાં ૨૨ કરોડના ખર્ચે માર્ગોનું નવિનીકરણ

### શહેરના મુખ્ય ઘ-માર્ગ ઉપરાંત જી.આઇ.ડી.સી.વિસ્તારના રસ્તાઓના કામ માટે તંત્રએ રિવાઇઝ દરખાસ્ત કરી

ગાંધીનગર તા ૨૩

શહેરમાં વિવિધ માર્ગોના કામો હાથ ધરવા તંત્રને દરખાસ્ત કરવામાં આવી છે.જેમાં જી આઇ ડી સી ના એન્જિનિયરીંગ એસ્ટેટને અનુલક્ષી રૂપિયા ૨.૫૦ કરોડના કામો માટે વિભાગ કક્ષાએ મંજુરી માંગવામાં આવી છે.આ ઉપરાંત નગરના મુખ્ય ઘ માર્ગને ચકાચક બનાવવા પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે ઘ માર્ગના નવિનીકરણ પાછળ રૂપિયા ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે.તંત્ર દ્વારા શહેરી વિસ્તારના રસ્તાઓના કામો માટે રૂપિયા ૨૨

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરનું વધુ એક રૂપ - આ તસવીર ગાંધીનગરની જ છે... સેક્ટર-૨૩માં જુના ખખડી ગયેલા સરકારી આવાસો કેવી લાચાર સ્થિતિમાં ઉભા છે... ચ-માર્ગ અને ઘ-માર્ગ પરથી પસાર થતાં પ્રવાસીઓને ગાંધીનગરની જાહોજલાલી જોઈ મનમાં ઈર્ષ્યા જાગે પરંતુ ગાંધીનગરાઓને આ તસવીર જોઈને લાચારી અનુભવાય છે... કેવું છે આ નગર, કેવી સ્થિતિ છે આ વસાહતની... બધુ જ અહિ છે, છતાંય કશું નથી... (તસવીર : દિપક જાની)

## બેસણું



સખેદ જણાવવાનું કે, અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **કમલેશભાઈ રણછોડભાઈ સોલંકી**નું તા. ૨૧/૫/૨૦૧૫ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૩/૫/૨૦૧૫ને શનિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ :
ગં.સ્વ. કુસુમબેન કમલેશભાઈ સોલંકી
એમ-૭/૭૪, સરદાર પટેલ
હાઉસીંગ સોસાયટી,
સે.૧૪,ગાંધીનગર
મો. : ૯૯૨૪૩૦૭૨૯૨

લિ.
**અરવિંદ કમલેશભાઈ સોલંકી**
**સુનિલ કમલેશભાઈ સોલંકી**
**વીણાબેન સમીરકુમાર ત્રિવેદી**
**મનિષા નિમેશકુમાર વાઘેલા**

## સ્વર્ણિમ પાર્કની આસપાસના સર્વિસ માર્ગ પર ૨૬ જેટલા દિશાસૂચક બોર્ડ મુકવામાં આવશે

### નગરની વિવિધ કચેરીઓ તેમજ જોવાલાયક સ્થળોને અનુલક્ષી બોર્ડ લગાવવાનું આયોજન

ગાંધીનગર તા ૨૩

સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં આસપાસના સર્વિસ માર્ગો પર નગરના મહત્વના સ્થળો દર્શાવતા દિશાસૂચક બોર્ડ મુકવામાં આવશે. બહારગામથી આવતા મુલાકાતીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે તંત્ર દ્વારા વિવિધ કચેરીના બાર્ડ પણ મુકવામાં આવશે. જયારે જોવાલાયક સ્થળોને અનુલક્ષીને પણ જરૂરી બોર્ડ મુકાશે.

ગાંધીનગરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરી તેમજ અન્ય જોવાલાયક સ્થળો દર્શાવતા બોર્ડસ મુકવામાં આવ્યા છે. ભૌગોલિક દ્રષ્ટીએ શહેરની રચના એવી હોવાથી ઘણીવાર બહારગામથી આવતા નાગરિકોએ રાહ ભટકવાનો વારો આવે છે. શહેર તેમજ સર્કલોના નવા નામાભિધાન બાદ તંત્ર કક્ષાએથી નવા બોર્ડ પણ મુકવામાં આવ્યા હતા.મુખ્ય માર્ગો તેમજ આંતરિક સેકટરોને જોડતા રસ્તાઓ પર સાઈન બોર્ડ મુકવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થયો હતો. આ ઉપરાંત ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ શહેરના મુખ્ય માર્ગો પર વિશેષ પ્રકારની ગેન્ટ્રી પણ ઉભી કરવામાં આવી હતી. આમ જોઈએ તો શહેરના વિવિધ ઠેકાણે રાહદારીઓને દીશા ચિંધવા પુરતા દિશા સુચક બોર્ડ લગાવવામાં આવ્યા છે. જયારે નગરના મધ્ય વિસ્તારમાં નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી અગાઉ પાર્કીંગની વ્યવસ્થા અંગે મુલાકાતીઆને માહીતગાર કરવા પણ સાઈન બોર્ડ મુકવામાં આવ્યા હતા. જયારે હાલની સ્થિતિએ સ્વર્ણિમ પાર્ક તૈયાર થઇ ગયા બાદ હાલ મોટી સંખ્યામાં સહેલાણીઓ

● અનુસંધાન પાન-૭ પર




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com